**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૩૦/૧૧/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૦૦/૧૭</u>**

**<u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>**

<u>નાસતા ફરતા આરોપીને પકડવા બાબત</u>

મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર – ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન – ૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જે ડીવીઝન સાહેબ નાઓ તરફ થી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા અંગે આપેલ ડ્રાઇવ અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એન.એમ પટેલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ પ્રો.પો.સ.ઇ વી.એન.ભરવાડ નાઓ સર્વેલન્સ સ્ટાફના માણસો ની સાથે નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોર્ડ ના અ.પો.કો મહંમદ અસરફ તથા અ.પો.કો સરદારસિહ તથા લોકરક્ષક જયંતિભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી આધારે ઇસનપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૫૩/૧૬ ઇપીકો ક.૪૫૪, ૪૫૭ ,૩૮૦ ,૧૧૪ મુજબ ના કામના નાસતા ફરતા આરોપી ઇમરાનખાન યાસીનખાન પઠાણ ઉ.વ ૩૬ રહે : મકાન નં.૧૫૭, સુર્યનગર ના છાપરા, સુર્યનગર ઢાળ નીચે , મિલ્લત નગર ઇસનપુર , અમદાવાદ શહેર નાને શોધી કાઢી ઉપરોકત ગુનામાં આજરોજ તારીખ ૨૯/૧૧/૧૭ ના ક.૧૪/૦૦ વાગે ઉપરોકત ગુનામાં અટક કરેલ છે.

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

***** નારોલ પોલીસ સ્ટેશન *****

**આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

<u>પ્રોહીબીશન સબંધી</u>

**મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ ડીટીએન/પાસા/૯૨૧/૨૦૧૭ તા:-૨૮/૧૧/૨૦૧૭ ના પાસા અટકાયતી આરોપી નાંમે ફિરોઝભાઈ ગફુરભાઈ જાતે શેખ ઉ.વ-૨૫ રહે, ગામ-ઉત્તરસંડા તા:-નડીયાદ જી-ખેડા નાઓના વિરૂધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમા સદર આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તારીખ:-૨૯/૧૧/૨૦૧૭ નાં કલાક-૧૫/૧૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા:-૨૯/૧૧/૨૦૧૭**

**દેશી દારૂ ૧૦૦ લીટર તથા બે સી.એન.જી. ઓટો રીક્ષા સાથે વહન કરતા કુલ્લે કિ.રૂ-૧૦૨૦૦૦/-ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડતી નારોલ પોલીસ**

મે,પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા મે,સંયુક્ત પોલીસ ક્મિશ્નરશ્રી સેક્ટર-૦૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૬ સાહેબ તથા અધિક મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગ દર્શન હેઠળ તા:-૨૯/૧૧/૨૦૧૭ ના રોજ પો.સબ.ઈન્સ એ.એસ.પરમાર સાહેબ તથા એ.એસ.આઈ.વિક્રમસિંહ અમરસિંહ બ.નં-૭૨૧૨ અ.હે.કોન્સ ઈન્તેખાબઆલમ મુખતારહસન બ.નં-૯૩૫૪ તથા અ.પો.કોન્સ વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૯૯૩૪ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ હરીસિંહ બ.નં-૪૪૦૭ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક:-૧૯/૪૫ વાગે રંગોલીનગર પાસે આવતા સાથેના અ.પો.કોન્સ વિરેન્દ્રસિંહ રૂપસિંહ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એ.જાદવ સાહેબની સુચનાથી પો.સબ.ઈન્સ એ.એસ.પરમાર નાઓ સાથે ટીમ બનાવી લાંભાટી ભમરીયા કુવા ચાર રસ્તા પાસે વોચ ગોઠવી સી.એન.જી ઓટો રીક્ષા જેનો આર.ટી.ઓ નંબર જી.જે.૦૧.ડી.યુ-૮૧૯૩ ને કોર્ડન કરી રોકી ૧૦૦ લીટર દેશીદારૂ કિ.રૂ-૨૦૦૦/- સી.એન.જી. ઓટો રીક્ષા નંબર- જી.જે.૦૧.ડી.યુ-૮૧૯૩ વાળી જેની કિ.રૂ-૪૫,૦૦૦/- તથા નં-(૪) બીજી સી.એન.જી. ઓટો રીક્ષા નંબર- જી.જે.૦૧.ડી.યુ-૯૩૩૪ જેની કિ.રૂ-૫૫,૦૦૦/-ની ગણી જે મળી કુલ્લે કિ.રૂ-૧૦૨૦૦૦/-ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ સાથે રેડ દરમ્યાન ત્રણેય ઈસમોને ઝડપી પાડી પ્રોહી ગુ.ર.નં-૫૦૬૯/૧૭ ધી પ્રોહી એક્ટ કલમ-૬૬(બી),૬૫(ઈ),૯૮(૨),૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

**રામોલ પોલીસ સ્ટેશન :**

## રામોલ પો.સ્ટેશન ના ત્રણ નાસ્તા ફરતા આરોપી ઝડપાયા

**અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓ દ્વારા આવનારી વિધાનસભા ચુંટણી સબંધે પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસ્તા-ફરતા વૉંટેડ આરોપી પકડવા સારુ સુચના કરેલ જે સબંધે સર્વેલંસ સ્કોડના પો.સ.ઇ બી.બી.સોલંકી સાહેબ તથા પો.કો કિરીટસિંહ મહોબતસિંહ બનં.૬૨૭૯ તથા પો.કો કાનાભાઇ સુરાભાઇ બનં.૧૦૦૮૭ નાઓએ આજરોજ રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૨૩૦/૧૭ ધી ઇપીકો કલમ ૩૯૫, ૪૫૨, ૧૧૪ મુજબના કામના નાસ્તા-ફરતા આરોપીઓ (૧) પ્રવિણ @ સન્ની જયંતકુમાર તિવારી રહે.૮૨ ત્રીકમલાલ ભોગીલાલની ચાલી રખિયાલ અમદાવાદ શહેર (૨) હિતેશ @ લાલો દિપકભાઇ વર્મા રહે. ૨૮૦/૫ લાલસિંગની ચાલી રામનગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ શહેર (૩) વિપુલ @ ક્રિયાન્સ અશોકભાઇ રાવળ રહે.૪૬ ત્રિકમલાલ ભોગીલાલની ચાલી રાખિયાલ અમદાવાદ શહેર નાઓને પકડી અમોને સોંપેલ છે જે નાસ્તા-ફરતા આરોપીઓ પકડવામાં રામોલ પોલીસને સફળતા મળેલ છે**

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીનિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.